વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

રમણલાલ પુરૂષોત્તમદાસ પંચાલ
(૧૯૪૯) મો. ૯૮૯૮૬૮૯૩૮૯

બળદેવસિંહ ઉદેસિંહ ડાભી
(૧૯૩૩) મો. ૮૯૮૦૩૩૬૨૩૫

જયંતકુમાર જી. ભટ્ટ
(૧૯૩૫) ફોન : ૨૩૨ ૨૧૮૮૮

ગુજરાત રાજ્ય પોલીસ સિવિલીયન વર્ગ-૩ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય પોલીસ સિવિલીયન વર્ગ-૩ કર્મચારી મંડળની અમદાવાદ ખાતે તાજેતરમાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં વર્ષ -૨૦૧૨-૨૦૧૩ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે એચ.કે. જાની, મહામંત્રી તરીકે અજીત પરમાર, ઉપપ્રમુખ તરીકે યોગેશ વ્યાસ, ખજાનચી તરીકે નરસિંહ ભરંડા, સંગઠન મંત્રી તરીકે દિલુભા ઝાલા અને કાર્યાલય મંત્રી તરીકે અનિલ શર્માની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પાલનપુરમાં મહિલાના ગળામાંથી સોનાની ચેન ખેંચી ચેન સ્નેચરો ફરાર

પાલનપુર, તા. ૮

પાલનપુર શહેરમાં આજે મોડી સાંજે સરકારી વસાહત પાસેથી પસાર થતી મહિલાના ગળામાંથી બે તોલાની સોનાની ચેન લુંટી લઈને ચેઈન સ્નેચરો બાઈક પર પળવારમાં પલાયન થઈ ગયા હતા. મહિલાએ બુમાહુમ કરતા આસપાસના લોકો એકત્રીત થઈ ગયા હતા અને ચેઈન સ્નેચરોનો પીછો કર્યો હતો. પણ તેમાં નિષ્ફળતા સાંપડી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર શહેરની નિલકમલ સોસાયટીમાં રહેતા હેમાબેન પ્રવિણભાઈ પટેલ કામ અર્થે બજારમાં નીકળ્યા હતા. ત્યારે સરકારી વસાહત પાસે હેમાબહેનની નજીક આવીને બાઈક પર સવાર ચેઈન સ્નેચરોએ મહિલાના ગળામાંથી બે તોલાની સોનાની ચેઈન લુંટી આંખના પલકારામાં ફરાર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરતા આસપાસના લોકો એકત્રીત થઈ ગયા હતા અને ગભરાઈ ગયેલી મહિલાને સાત્વના આપી હતી. અને પરિવારજનોને જાણ કરી પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવા માટે રવાના કર્યા હતા.

કલોલમાં ભારે વરસાદને લીધે પંચવટી વિસ્તાર પાણીમાં ગરકાવ

કલોલ, તા. ૮

કલોલમાં ગઈકાલે સવારથી જ ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવાના બનાવો સામે આવ્યા હતા. જેમાં કલોલ શહેરના વખારિયા ચાર રસ્તા, નજવીન મિલ કમ્પાઉન્ડ, અંબિકાનગર-૨ બાજુનાં વિસ્તારોમાં કાદવ કીચડ થવા પામ્યો છે.

શહેરનાં પશ્ચિમ વિસ્તારનાં પંચવટીમાં ભારે વરસાદનાં પગલે હનુમાન મંદિર આજુબાજુનો વિસ્તાર તો જાણે પાણીમાં ગરકાવ જ થઈ ગયો હોય એમ જોવા મળ્યું હતું. સાંજના સુમારે સખત વરસાદ તુટી પડતાં આ વિસ્તારમાં આવેલી હોલી ચાઈલ્ડ સ્કૂલ, જોયફુલ ઈન્ટરનેશનલ સ્કૂલ, પ્રેસીડેન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ત્યાંથી પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પંચવટીમાં વરસાદી પાણીનાં ધીમી ગતિનાં નિકાલ વ્યવસ્થાને કારણે લોકોમાં અનેક ફરિયાદો ઉઠવા પામી છે. તેમજ વરસાદી પાણી ભરાઈ જવાના કારણે આ વિસ્તારમાં રહેતા રહીશોમાં પણ અવરજવરની સમસ્યાઓ ઉભી થઈ હતી.

અંબિકાનગર બેન્ક ઓફ ઈન્ડિયામાં સ્થાપના દિનની ઉજવણી

(તસવીર : વિપુલ ચૌહાણ)

કલોલ, તા.૮

બેંક ઓફ ઈન્ડિયાના સ્થાપના દિન નિમિત્તે અંબિકાનગરની શાખામાં તેનાં સ્થાપના દિનની હર્ષો-ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોજાયેલ કાર્યક્રમમાં કે.પી. રાવત અને વિનોદ એમ. શાહ સહિત બાકીના કર્મચારીઓએ ગ્રાહકોને બેંકના ઈતિહાસ અને વિવિધ સેવાઓ અંગેની માહિતી પૂરી પાડી હતી.

કલોલમાં હાઈ-વે પર સ્થિત બેન્ક ઓફ ઈન્ડિયા અંબિકાનગર શાખામાં ગઈકાલે તેના સ્થાપના દિનની ઉજવણીનાં ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના ૭ સપ્ટેમ્બર નાં રોજ થઈ હતી. આજે સમગ્ર ભારત સહિત વિદેશમાં પણ તેની શાખાઓ વિવિધ સેવાઓ પુરી પાડી રહી છે ત્યારે તેના સ્થાપનાદિન ઉજવણીનાં ભાગ રૂપે અંબિકાનગર શાખામાં ગઈકાલે સાંજે ૪ થી ૭ દરમિયાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાખા મેનેજર કે.પી. રાવતે ગ્રાહકોને બેંકના ઈતિહાસ અને તેની વિવિધ યોજનાઓ અંગેની માહિતી આપી હતી તેમજ તેની સાથે સાથે ગ્રાહકોની સાથે બેંક અંગેના વિવિધ પ્રશ્નો અને સમસ્યાની પણ ખુલ્લા મને ચર્ચા કરવામાં આવી હતી તેમજ જેટલું બને તેટલું જલ્દી આ સમસ્યાઓનાં નિરાકરણ માટે પગલાં લેવાશે તેમ કે.પી. રાવતે જણાવ્યું હતું.

સમારંભના અંતમાં વિનોદભાઈ શાહે પ્રેક્ષક ગણને તેમની અમુલ્ય હાજરી બદલ આભાર વ્યકત કર્યો હતો. બેંકની સ્થાપનાદિનની ઉજવણીનાં ભાગરૂપે યોજાયેલ આ કાર્યક્રમમાં ચા-નાસ્તાનો પણ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

બાયડ માર્કેટયાર્ડ આગળ ભરબપોરે વિદ્યાર્થી લુંટાયો

બાયડ, તા.૮

બાયડ નગરમાં આજે ભરબપોરે બાયડ માર્કેટયાર્ડ આગળ આઈ.ટી.આઈ.માં ભણતો વિદ્યાર્થીને લુટી લેવાતા આ ઘટના બાયડ નગરમાં આખા દિવસ દરમ્યાન ટોક ઓફ ધી ટાઉન બની હતી.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર વિરપુર તાલુકાના બલવાકાંટના મુવાડા ગામનો વિદ્યાર્થી ખાંટ રાકેશ કુમાર રાયમરભાઈ બાયડ આઈ.ટી.આઈ.માં અભ્યાસ અર્થે પોતાના વતનેથી અપ ડાઉન કરતો હોવાથી આજરોજ બપોરે મુસાફરી માટે પાસ કઢાવવા માટે બાયડ ડેપોમાં જતો હતો, તે દરમ્યાન બાયડ માર્કેટ યાર્ડની પાસે કોઈ અજાણ્યા યુવકે ખુણામાં લઈ જઈ મોઢું દબાવી માર મારી આ વિદ્યાર્થી જોડેથી મોબાઈલ અને ૪૫૦ રૂપીયા રોકડાની લુંટ કરી ફરાર થઈ ગયો હતો. જયારે આ વિદ્યાર્થી કઈ પણ સમજે તે પહેલા આ લુટારૂ ફરાર થઈ ગયો હતો. વિદ્યાર્થીએ બજારમાં આવી આ અંગે લોકોને જાણ કરતાં લોકોનું ટોળુ આ લુટારૂને શોધવા એકઠુ થઈ ગયુ હતું. પરંતુ કોઈ સફળતા મળી ન હતી.

ઊંઝા પંથકમાં પુનઃ તસ્કરોએ માથુ ઉંચક્યું

ઊંઝા, તા. ૮

ઊંઝા પોલીસની નિષ્ક્રિયતાને કારણે પુનઃ તસ્કરોએ માથું ઉંચક્યું છે. ઐઠોર અને બ્રાહ્મણવાડા ગામેથી ૮.૩૫ લાખની કિંમતના બે વાહનો જીપડાલુ અને ટ્રેક્ટરની ઉઠાંતરી કરી હોવાના બનાવોની શાહી હજી સુકાઈ નથી ત્યાં ઊંઝા નજીકના સુણક ગામે રહેતા નરેશભાઈ કાશીરામભાઈ પટેલે પીકઅપ જીપડાલુ નં. જીજે-૨ ઝેડ-૧૭૨૪ રાતના સમયે પોતાના મકાન આગળ પાર્ક કરેલ હતુ તેની આજે વહેલી સવારે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હતા. ચોરાયેલ જીપડાલાની કિંમત રૂપિયા ત્રણ લાખની દર્શાવાયેલ છે.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીના ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા વિસ્તારમાં ઘરફોડ, વાહન અને ઢોર ચોરીના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ નોંધાયેલ મિલકત વિરૂદ્ધ, ગુઓનો ભેદ ઉકેલવામાં પોલીસ તંત્ર નિષ્ફ નિવડતાં ગંભીર પ્રકારના ગુનાઓના પ્રમાણમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે.

ખેડવા ડેમના મદદનીશ ઈજનેર પર હૂમલો

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડવા ડેમ પર ફરજ બજાવતા કમલેશભાઈ આર. શાહ મદદનીશ ઈજનેર ખેડવા ડેમ પર ફરજ બજાવતા હતા ત્યારે ૮-૯-૧૨ના રોજ રાત્રે ૧.૩૦ કલાકે ખેડવા ડેમના અસરગ્રસ્તોપૈકી બે જણાએ નં. ૧નાએ કોદાળીના હાથાથી બન્ને ખભે તથા ડાબા હાથની ટચલી આંગણીએ તથા માથાના ભાગે મારી ઈજા કરી હતી. જ્યારે આરોપી નં. ૨ નાએ છત્રીથી પીઠના ભાગે મારી એક બીજાની મદદ કરી હતી. જે બાબતે કમલેશભાઈએ બંને ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ડીસામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં કોંગી કાર્યકરોનો હોબાળો

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૮

ડીસાના ટી.સી.ડી ફાર્મ ખાતે આજે નવ કલાકે આજે સવારે નવ કલાકે સમાજીક ન્યાય અને અધીકારીતા વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાની અધ્યક્ષસ્થાયે વણધભી વિકાસ યાત્રા ૨૦૧૨ અને ગરીબ કલ્યાણ મેળો ૨૦૧૨ નો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા સાથે ગુજરાત રાજય માર્ગ અને મકાન તથા વાહન વ્યાવહાર નિગમના ડીરેકટર કે.સી.પટેલ તથા અંબાલાલ પટેલ ચેરમેન સહભાગી સીચાઈ યોજના વગેરે હાજર રહ્યાહતા. આ કાર્યક્રમમાં દિયોદર ના ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, જીલ્લા પંચાયત સભ્ય શાંતુભા વાઘેલા ડીસા શહેર ભાજપ પ્રમુખ શશીકાન્તભાઈ પંડયા, તેમજ કિશાન મોરચાના જીલ્લા પ્રમુખ મગનભાઈ માળી, વિગેરે હાજર રહ્યા હતા.જેમા ડીસામાં છેલ્લા પાંચ વર્ષમાં ડીસા નગરપાલિકા ધ્વારા પૂર્ણ થયેલા અને જાહેરાત થઈ શકે તેવા વિકાસ કામો કુલ રૂા.બે હજાર ચારસો સાઈઠ લાખ ત્રેપન હાજરની જાહેરાત કરાઈ હતી.

મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રાજય સરકારની વિવિધ વિકાશ લક્ષી સહાયો અને યોજનાઓની માહીતી આપી ગરીબ કલ્યાણ મેળામાં સીધ્ધ કરાયેલ લક્ષાંકની પણ જાણ કારી આપી હતી. જેમા હાજર ૨૯૭લાભાર્થીઓને વિવિધ સહાય પેટે રૂા.૧૨લાખ પંદર હજાર ની સહાય સ્થળ ઉપર ચુકવાઈ હતી જ્યારે સામા પક્ષે કોંગ્રેસે પણ આ ગરીબ કલ્યાણ મેળા વિરૂધ્ધ જેહાદ જગાવી હતી. અને કોંગ્રેશી કાર્યકરો શહેર પ્રમુખ દિપક પટેલની આગેવાની તળે ગરીબ કલ્યાણ મેળા સ્થળે રેલી સ્વરૂપે પહોંચ્યા હતા.

આ કાર્યકરોએ સરકારની અનેક મુદ્દે તીખી આલોચના કરી મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીના આ ગરીબ કલ્યાણમેળા ફારસરૂપ ગણાવ્યા હતાં. સુત્રોચ્ચાર કરતા કોંગ્રેસી કાર્યકરો આ સભા સ્થળ સુધી પહોંચ્યા હતાં. જોકે શહેર પી.આઈ. ભદોરીયા દ્વારા જરૂરી બળ વાપરી તેમને અટકાવાયા હતાં. જેનાથી ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતાં. જે બાદ શહેર પોલીસે વિરોધ પ્રર્દશન કરતા કોંગ્રેસી કાર્યકરો અને મહીલાઓને પોલીસ વાનમાં બેસાડી તેમની અટકાયત કરી હતી. આ ગરીબ કલ્યાણ મેળામાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ તેમજ ડીસા તાલુકામાંથી શહેરી તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતાં.

સાબરના પાણી જોવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાણી તેમજ ઉપરવાસમાં થયેલા ધોધમાર વરસાદને કારણે આ ચોમાસામાં પહેલીવાર સાબરમતી નદી વહેતી જોવા મળી હતી.

નદીમાં હાલ ૧૮ ક્યુસેક જેટલો પ્રવાહ વહી રહ્યો હોવાનો અંદાજ છે. જો કે નદીનો પટ વિશાળ હોવાને કારણે પાણીમાં નદીનો નિખાર હજુ જોઈએ તેટલો નિખર્યો નથી. જો કે વહેતી નદી જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

દરમ્યાન આજે ધરોઈ ડેમ જે સાબરમતી નદી પરનો મોટો ડેમ છે તેની સપાટી રાત્રે ૮ વાગે ૬૧૪ ફુટ પર પહોંચી છે અને ધરોઈની આસપાસ તેમજ નદીના કેચમેન્ટ વિસ્તારમાં થયેલા વરસાદને કારણે હાલ ૨૫૬૦૦ ક્યુસેક પાણીનો આવરો છે. પાણીની આવક ગઈકાલે એક લાખ ક્યુસેક નોંધાઈ હતી પછી તે ઘટીને રાત્રે ૯૬ હજાર ક્યુસેક થઈ હતી. આજે સવારે પાણીની આવક વધુ ઘટીને ૪૬ હજાર થઈ હતી અને બપોર પછી ઘટીને તે ૨૫૬૦૦ ક્યુસેક જેટલી થવા પામી હતી.

ગઈકાલે હવામાન ખાતાએ ભારે થી અતિભારે વરસાદ આગામી ૪૮ કલાકમાં થવાની કરેલી આગાહી પછી આજે ગાંધીનગરમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જો કે દિવસ દરમ્યાન હળવા તથા ભારે વરસાદના ઝાપટા નોંધાયા હતા.

સાબરમતી નદીમાં પાણી આવતાં નદી કિનારાના ગામોના પાણીના તળ ઉંચા આવશે તેમ મનાઈ રહ્યું છે તેમજ સારા વરસાદને કારણે પણ સ્તર સુધરી રહ્યા છે.

હિંમતનગર એસ.બી. મહિલા આર્ટસ કોલેજ ખાતે 'શિક્ષક દિન' ઉજવ્યો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલી એસ.બી. મહિલા આર્ટસ કોલેજ (મહેતાપુરા) દ્વારા 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિનની ઉજવણીમાં કોલેજની વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપુર્વક ભાગ લઈ શૈક્ષણિક કાર્ય આયોજનપૂર્વક સંભાળ્યું હતું. અંતમાં વિદ્યાર્થીનીઓએ કેક કાપીને 'શિક્ષક દિન' વધુ સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીનીઓએ પોતાના અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે એક દિવસના શિક્ષક થઈને અનહદ આનંદની લાગણી અનુભવી હતી તેમજ લાગણી સભર કહ્યું શિક્ષક સંસ્કારોથી શોભે છે. જેનાથી સમાજ આદર્શ સમાજ બને છે. કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. આચાર્ય ડૉ. શિરીનબેન શેખે સંસ્થા અને સ્ટાફ ના મિત્રો વતી વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી.

કંપની સમાચાર

એચઆરએસ પ્રોસેસ સિસ્ટમ્સ ગુજરાતના ફાર્મા ઉદ્યોગમાં હાજરી દૃઢ બનાવશે

એચઆરએસ પ્રોસેસ સિસ્ટમ્સ લિ. ગુજરાતમાં પોતાની હાજરી દૃઢ બનાવી રહી છે. યુકેના એચઆરએસ જૂથનો ભાગ એવી એચઆરએસ પ્રોસેસ સિસ્ટમસ લિ. દ્વારા નાવિન્યપૂર્ણ હીટ એકસ્ચેન્જ સોલ્યુશન્સ જેમકે ઈકોફલકસ કોરૂગેટડેડ ટયુબ હીટ એકસ્ચેન્જર્સ, ફંડ પ્લેટ હીટ એકસ્ચેન્જર, એચઆરએસ હોટ વોટર સિસ્ટમ્સ વગેરે બનાવવામાં આવે છે. અમદાવાદમાં તા. ૮થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર ફાર્મેક ઈન્ડિયા ૨૦૧૨માં કંપની દ્વારા પોતાની આ નાવિન્યપૂર્ણ પ્રોડક્ટો દર્શાવવામાં આવશે.

ફાર્મેક ઈન્ડિયા ભારતનું ત્રીજા નંબરનું સૌથી મોટું ફાર્મા મશીનરી, ઈકિવપમેન્ટ અને મટિરીયલ ઉદ્યાગનું પ્રદર્શન છે. તેમાં સિપ્લા, ડો. રેડ્ડીઝ, હેટરો ડ્રગ્સ, મેટ્રિક્સ, જ્યુબિલન્ટ, કેડિલા, ગ્લેનમાર્ક, રેનબક્ષી, લુપિન, યુનિમાર્ક, વોખાર્ટ, બાયોકોન વગેરે જેવી કંપનીઓ ભાગ લઈ રહી છે.

ઈઝરાયલની એફીમિલ્ક ગુજરાતમાં ડેરી ફાર્મિંગનો અનુભવ લાવશે

ઈઝરાયેલની ટોચની ડેરી ફાર્મિંગ સોલ્યુશન્સ કંપની અફીમિલ્ક લિ.એ ગુજરાત સરકાર સાથે લાંબાગાળાનો સહકાર સાધ્યો છે. ઈઝરાયેલની કંપનીની ભારતીય સબસીડયરી એફીમિલ્ક ઈન્ડિયા ગુજરાત સરકાર ઉપરાંત વિવિધ બિનસરકારી સંસ્થાઓ, ઉદ્યોગ સાહસિકો અને દૂધ સંગઠનોને ગુજરાતમાં વિવિધ પ્રકારના ડેરી ફાર્મસ સ્થાપવામાં સહાય કરશે.

એફીમિલ્ક ઈન્ડિયાનું અજોડ સોલ્યુશન પેકેજ નાના ખેડૂતોની વિવિધ જરૂરીયાતોનો જવાબ પૂરો પાડશે. આથી નાના ખેડૂતોને અત્યાધુનિક ડેરી ફાર્મિંગ ટેકનોલોજી, ઈક્વિપમેન્ટ અને જ્ઞાનનો લાભ મળી શકશે.

કલ્યાણ જવેલર્સનો ગુજરાતમાં પ્રવેશ : અમદાવાદમાં પ્રથમ શૉ રૂમ સાથે ભારતમાં વિસ્તરણનો આરંભ

રાષ્ટ્રીય વિસ્તરણ પર ભાર આપતાં ભારતની અગ્રણી જવેલરી શૃખંલા કલ્યાણ જવેલર્સ દક્ષિણ ભારતની બહાર ગુજરાતમાં તેનો પ્રથમ શૉરૂમ સ્થાપિત કરી રહી છે. આ શૉરૂમ અમદાવામાં ૨૦,૦૦૦ ચોરસફૂટ વિસ્તારમાં પથરાયેલો હશે. જેનું ઉદ્‌ઘાટન ગુજરાત પોતાના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચન કરશે. આ પછી કંપની આ નાણાંકીય વર્ષના અંત સુધીમાં રાજકોટ, વડોદરા અને સુરતમાં રૂા. ૩૦૦ કરોડના રોકડ સાથે વધુ ત્રણ શૉરૂમ શરૂ કરશે.

આ પ્રસંગે બોલતાં કલ્યાણ જવેલર્સના મેનેજિંગ ડાયરેકટર ટી.એસ. કલ્યાણરામને જણાવ્યું હતું કે, કલ્યાણ જવેલર્સ આજે મજબૂત સહયોગ અને ભરોસો માણી રહી છે. અમારો નવો સ્ટોર એ કલ્યાણ જવેલર્સની જવલંત સફળતાનો વધુ એક દાખલો છે. અને વર્ષોનાં વહાણાં વીતવા સાથે ગ્રાહકો પાસેથી અમને મળેલી સરાહનાનો પુરસ્કાર છે. ગુજરાતમાં અમારા સ્ટોરની રજૂઆત એ આ વિસ્તરતા બજારનું મહત્વ દર્શાવે છે.

એક્સિસ બેન્ક રજૂ કરે છે 'હેપ્પી એન્ડિંગ હોમ લોન્સ'

ભારતમાં ખાનગીક્ષેત્રની ત્રીજા નંબરની સૌથી મોટી એવી એક્સિસ બેન્કે 'હેપ્પી એન્ડિંગ હોમ લોન્સ'ની જાહેરાત કરી છે. અજોડ એવી આ હોમ લોન પ્રોડક્ટ બિલ્ટ ઈન ઈએમઆઈ માફી યોજના ધરાવે છે. જો ગ્રાહક પોતાની લોનની સમયસર ચુકવણી કરે તો છેલ્લા વર્ષના તમામ ૧૨ ઈએમઆઈ આપોઆપ માફ થઈ જશે.

આ પ્રોડકટને નિયમિત લોન તરીકે દરેક ગ્રાહકને આપવામાં આવશે અને નવા ગ્રાહકોને (રહેવાસી ભારતીયો)ને ફલોટીંગ રેટ વિકલ્પ તરીકે ઓફર કવામાં આવશે. ઈએમઆઈ માફી એવી તમામ લોનો પર આપ આપવામાં આવશે કે જેમની શરૂઆતની ચુકવણીની સમય મર્યાદા ૨૦ વર્ષ કે તેથી વધારે હોય અને જેઓ એક્સિસ બેન્ક સાથે ૧૫ વર્ષ પૂરા કરીચૂક્યા હોય. નિયમિત સમયે ઈએમઆઈની ચુકવણી કરતાં ગ્રાહકો આ યોજનાનો લાભ મેળવી શકશે.

શબ્દાવલી - ૪૮૩૮

૧	૨	૩	■	૪		૫	૬
૭			■	■	■	૮	
૯		■	૧૦		૧૧	■	
	■	૧૨		■	૧૩		■
■	૧૪			૧૫		■	૧૬
૧૭			■	૧૮		૧૯	
૨૦		■	૨૧		■	૨૨	
૨૩				■	૨૪		■

આડી ચાવી

૧. ચિંતા (૩)
૪. આરાધ્ય દેવને કરાતી પ્રાર્થના (૪)
૭. ઓલિયો, ભલુ ઈચ્છનાર અને ભલુ કરનાર માણસ (૪)
૮. નથણી, ચુની (૨)
૯. ગરમ વસ્તુ શરીર પર ચાંપી દે તેને... આપ્યો કહેવાય (૨)
૧૦. ફિટકાર (૩)
૧૨. બહાદુર (૨)
૧૩. ફરજ, જવાબદારી (૨)
૧૪. અવ્યવસ્થા, અંધાધુધી (૫)
૧૭. મહાચાલક, ચતુર (૩)
૧૮. દ્વાર, બારણું (૪)
૨૦. ગરબા, ડાંડીયા (૨)
૨૧. ટપટપ નહીં ગણવું... ખાવો (૨)
૨૨. મડદું (૨)
૨૩. એકદમ તાજુ, ફ્રેશ (૪)
૨૪. રંગ, કલર (૨)

ઊભી ચાવી

૧. ભય, બીક (૪)
૨. કરમીયા, કૃમી (૩)
૩. રાહ, પંથ (૨)
૫. માલ-મિલ્કત, સંપત્તિ (૨)
૬. અંકુશમાં લાવવું (૩)
૧૦. ધૈર્યતા (૩)
૧૧. ગતિ (૪)
૧૨. ઉજ્જડ, વેરાન (૩)
૧૪. જૈનોનું દેરાસર (૪)
૧૫. ડગલું, પગ (૩)
૧૬. જોડુ સરસ ના લાગે તેવું (૩)
૧૭. દાન-ધર્મ (૩)
૧૯. ભગવાનનો એક ઠીંગુજીનો અવતાર (૩)
૨૧. મોજ, ખુશીમાં (૨)

શબ્દાવલી ૪૮૩૭ના જવાબ

આડી ચાવી :- (૧) પરાજીત (૪) લેઝીમ (૬) કસમ (૭) કંબલ (૮) ખારેક (૧૦) રદ્દ (૧૪) તમાશા (૧૬) માવતર (૧૮) બાવળ (૧૯) રસાયણ (૨૦) વડી (૨૧) ગન (૨૨) વિનિયોગ

ઊભી ચાવી :- (૧) પકવાન (૨) રાસ (૩) જીમખાનું (૪) લેબ (૫) ઝીલ (૭) કંકર (૯) ટંકશાળ (૧૧) દતબાવની (૧૨) અવસાન (૧૩) ચારણ (મા) (૧૫) માવડીયો (૧૬) મારગ (૧૭) તય